SC

(A-6) No. of printed page: 1

SARDAR PATEL UNIVERSITY
TY BA (External) Examination
Tuesday, 3 March 2015
10.30 am - 1.30 pm
GUJ 308 - Gujarati Literature
(૧૯૪૭ પહેલાંની ગુજરાતી સાહિત્યની કૃતિઓનો અભ્યાસ)
(૧) વાંસલડી (૨) માટીવટો

Total Marks: 100

નોંધઃ દરેક પ્રશ્નના ગુણ સરખા (૨૦) છે.

પ્ર.૧ ભક્તકવિ દયારામ રચિત'વાંસલડી' કાવ્યસંગ્રહના આધારે કવિની સિદ્ધિઓ- મર્યાદાઓ જણાવો. (૨૦)

અથવા

પ્ર.૧ દયારામનાં પ્રેમલક્ષણા ભક્તિનાં પદો સદૃષ્ટાંત મૂલવો.

પ્ર.૨ 'માટીવટો'ના અભ્યાસનિયત નિબંધોને આધારે સર્જક મણિલાલ હ. પટેલની નિબંધકાર તરીકેની વિશેષતાઓ- મર્યાદાઓ જણાવો. (૨૦)

અથવા

પ્ર-૨ 'માટીવટો' નિબંધસંગ્રહના પ્રવાસનિબંધોને સવિગત મૂલવો.

પ્ર-૩ ટૂંકનોંધ લખો. (૨૦)

(અ) દયારામનાં જ્ઞાન- વૈરાગ્યનાં પદો

અથવા

(અ) દયારામનાં 'વાંસલડી'વિષયક કાવ્યો

(બ) 'માટીવટો' નિબંધસંગ્રહમાં આલેખાયેલું લેખકનું શાળાજીવન

અથવા

(બ) 'જીજી' નિબંધમાં સર્જકનો માતૃપ્રેમ

પ્ર-૪ નીચેનામાંથી કોઇપણ ચારના મુદાસર જવાબ આપો. (૨૦)

(૧) કવિ પોતાના મનને 'ઢણકતુંઢોર' શા માટે કહે છે?

(૨) 'કાળજ કોર્યું તે કોને કહીએ'કાવ્યમાં ગોપીની કઈ વ્યથા વ્યકત થઈ છે?

(૩) રાધા કઇ-કઇ શ્યામરંગી વસ્તુઓથી દૂર જવાનો નિર્ણય કરે છે? શા માટે?

(૪) 'વૈષ્ણવ નથી થયો તું રે' પદ રચનામાં દયારામ વૈષ્ણવજનના કયા લક્ષણો વર્ણવે છે?

(૫) ચોમાસાની ઋતુમાં ફળિયું કેવા રૂપ -રંગ ધારણ કરે છે?.

(૬) લેખક પોતાના નાટક જોવાના શોખને કઈ રીતે પૂરો કરે છે?

(૭) જીજીના મૃત્યુબાદ લેખક અને તેમના ભાઈ-બહેનો કોની છત્ર-છાયાનીચે ઊછર્યા હતા?

(૮) લેખક શાંતિનિકેતન અને વલ્લભવિદ્યાનગરને કઈ રીતે તુલવે-મુલવે છે?

પ્ર-૫ કોઇપણ ચારના પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (૨૦)

(૧) 'કોટિ આભૂષણનું એરે ભૂષણ,સીમાતું છે એ અભિરામની'

(૨) 'ફરી મળતાં રંગ અદલાબદલી, મુજ મોરો, તુજ તોરો!'

(૩) 'હું તુજને આવી નવ જાણતી, નહિતો તુજ પર મ્હેર ન આણતી'

(૪) 'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે'

(૫) 'આટલાં મોંઘાં બૂટ આપણને શા કામનાં?

(૬) 'આપણું કિસ્મત જ બેટા ! કોડિયા જેવડું'

(૭) 'છોકરાઓ રાખેતો મારી જેમ ગોલ્ડમેડલ લાવેતો જાણું!'

(૮) 'ઉપરવાળાને ઘેર કાંઈ સો મણ તેલે અંધારુંતો નઈ હોયને અંબા!'

* * *